ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર
ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)
માહિતી અને જનસંપર્ક વિભાગ
Celebrating 50 Years Golden Jubilee
Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852

**અખબારી યાદી નં.૩૭**

## તહેવારોમાં લોકોના આરોગ્યની જાળવણી માટે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સજ્જ

## લોકમેળામાં આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા ઉકાળા વિતરણ

દેશભરમાં સ્વાઈન ફ્લુ વકરી રહ્યો છે ત્યારે લોકોના આરોગ્યને ધ્યાને લઈ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા બિલ્ડર એસોસિએશન, પ્રેટ્રોલ પંપ એસોસિએશન તથા ઈન્ડિયન ઓઈલ એસોસિએશનના સહયોગથી સ્વાઈન ફ્લુ જેવા રોગો સામે રક્ષણ આપતા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ ચિકિત્સાલય તથા ફાર્મસી વિભાગ દ્વારા શહેરના જૂદા જૂદા વિસ્તારમાં રોગપ્રતિકારક ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં તેમજ આયુર્વેદ યુનિવેર્સિટીની બંન્ને હોસ્પિટલ ખાતે પણ સ્વાઈન ફ્લુ જેવા રોગો સામે રક્ષણ આપતા ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે.

જી.જી. હોસ્પિટલ ખાતે સ્વાઈન ફ્લુ વોર્ડમાં દાખલ દર્દીઓને એલોપથીની સાથે આયુર્વેદિક સારવાર અપાઈ રહી છે. તેમજ સ્વાઈન ફ્લુ વોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓને સ્વાઈન ફ્લુથી રક્ષણ આપવા આયુર્વેદિક ઉકાળા આપવામાં આવી રહ્યા છે.

**ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા લોકમેળામાં ઉકાળા વિતરણ**

એકદમ ઝડપથી ફેલાતા સ્વાઈન ફ્લુ સામે લોકોને રક્ષણ મળે તે હેતુથી શહેરના પ્રદર્શન મેદાન તથા રંગમતિના મેદાનમાં યોજાતા લોકમેળામાં ફાર્મસી વિભાગ દ્વારા આજ રોજ ૧૨૦ લીટર ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. સામાન્ય રીતે લોકો રજાના માહોલમાં હરવા-ફરવામાં વ્યસ્ત હોય છે. ત્યારે આયુર્વેદ યુનિવર્સિટીના હોસ્પિટલ સ્ટાફ, ફર્મસી વિભાગ તથા શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા લોકોના આરોગ્યની જાળવણી માટે રજાના દિવસોમાં પણ ખડે પગે જહેમત ઉઠાવી રહ્યા છે. જેને માનનીય કુલપતિશ્રી વૈદ્ય સંજીવ ઓઝા સાહેબ દ્વારા બિરદાવવામાં આવ્યા છે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૭-૧૮/૧૭૩૧ તારીખ :૧૪/૦૭/૨૦૧૭

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર.

આપનો વિશ્વાસુ

ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી વતી

**નકલ રવાના:**

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબગંલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાનીવિનંતી સૂચનાસાથે.)
   (૧) બોટાનિકલ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચનાસાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝલેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝફ્લેશ, આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર
7. Shri H.P.Jhala,IQAC CO-Ordinator .